eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 356
May 30, 2014

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) અને એડી.સીટી ઈજનેર સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૦/૦૫/૨૦૧૪ તથા તા.૨૧/૦૫/૨૦૧૪ ના રોજ પૂર્વ ઝોનમાં કાપોદ્રા ઓવરબ્રિજ નીચે ફ્રુટ માર્કેટ વિસ્તારમાં તથા આઈમાતા રોડ ડી.આર.વર્લ્ડ મેઈન રોડ ઉપર ખાણી...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની ડીમોલીશનની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૧૫૦/બી માં આવેલ ઉમિયાનગર સોસાયટીન પ્લોટ નં.૧૧૩, ૧૧૪,૧૧૫,૧૧૬ના મિલ્કતદારો દ્વારા શાળાના ત્રણમાળના બાંધકામની ઉપર ચોથામાળે આશરે ૩૫૦૦ ચો.ફુટ જેટલા માપ વિસ્તારમાં ગેરકાયદેર રીતે પતરાના શેડ બનાવવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી, ડે.ઈજનેરશ્રી તથા કર્મચારીઓ સહિતનાં સ્ટાફ ધ્વારા તેમજ અઠવા પોલીસ સ્ટેશનનાં ઉપલબ્ધ પોલીસ સ્ટાફની મદદથી આજે તા.૨૩/૦૫/૨૦૧૪ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં ચૌટાબજાર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ બિસ્માર મિલ્કતો ઉતારવાનગી તેમજ જાહેર રસ્તા પરના દબાણ દુર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૩/૦૫/૨૦૧૪ અને તા.૨૪/૦૫/૨૦૧૪ ના રોજ પૂર્વઝોનમાં નાનાવરાછા ચોપાટી થી સરથાણા જકાતનાકા રોડ પર, ઉમીયા સર્કલ થી ભવાની સર્કલ રોડ પર પીણીની સંસ્થાઓ/ લારીઓનું સઘન ચેકીંગ કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૬/૦૫/૨૦૧૪ અને તા.૨૭/૦૫/૨૦૧૪ ના રોજ પૂર્વઝોનમાં ભાગ્યોદય વોર્ડ તેમજ જુની ઝોન ઓફિસ રોડ પર ખાણી પીણીની સંસ્થાઓ/લારીઓ તથા કાર્બાઈડ પાવડરથી કેરી પકવતી સંસ્થાઓનું સઘન ચેકીંગ કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી બાબત

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૫/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છેં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૬/૦૬/૨૦૧૪ના આયોજન બાબત

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૮–૫–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

તા. ૨૮–૫–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ડીમોલીશનની કામગીરી બાબત

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૫/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૩૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વર્કશોપનાં આયોજન બાબત

સુરતનાં શહેરીજનોને પાણી, ગટર અને ઘન કચરાનો ઉપાડ વિગેરે જેવી સેવાઓ શ્રેષ્ઠત્તમ રીતે મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. આ તમામ સેવાઓ પુરી પાડવા માટે જુદા જુદા વાહનો અને મશીનરીઓનો સંચાલન કરવામાં આવે છે. જેમાં ડ્રાઈવરો તેમજ ઓપરેટરોની ભુમિકા ખુબ જ મહત્વની અને કરોડરજ્જુ સમાન હોય છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) મીટીંગ બાબત

' ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન ' અન્વયે રેલ જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, પુનઃવસન ની કામગરી તથા સાફસફાઈની કામગીરી સુવ્યવસ્થિત રીતે અને સમયસર કરી શકાય તે હેતુસર સ્વૈચ્છિક સેવાભાવિ સંસ્થાઓ તથા નગર સેવકો સાથે સંકલન કરી ઉધનાઝોન વિસ્તારમાં સદર સંસ્થાઓ કેવી સેવાઓ આપવા તત્પર છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) અને એડી.સીટી ઈજનેર સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૦/૦૫/૨૦૧૪ તથા તા.૨૧/૦૫/૨૦૧૪ ના રોજ પૂર્વ ઝોનમાં કાપોદ્રા ઓવરબ્રિજ નીચે ફ્રુટ માર્કેટ વિસ્તારમાં તથા આઈમાતા રોડ ડી.આર.વર્લ્ડ મેઈન રોડ ઉપર ખાણી પીણીની સંસ્થાઓ / લારીઓનું સઘન ચેકીંગ કરી ૧૦૨ સંસ્થાઓ પાસેથી રૂા.૩૩૦૦૦/– જેટલો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરી, ૩૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ તથા ૬૩ કિ.ગ્રામ જેટલા ખુલ્લા ખાદ્યપદાર્થોનો નાશ કરી આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૧૫૦/બી માં આવેલ ઉમિયાનગર સોસાયટીન પ્લોટ નં.૧૧૩, ૧૧૪,૧૧૫,૧૧૬ના મિલ્કતદારો દ્વારા શાળાના ત્રણમાળના બાંધકામની ઉપર ચોથામાળે આશરે ૩૫૦૦ ચો.ફુટ જેટલા માપ વિસ્તારમાં ગેરકાયદેર રીતે પતરાના શેડ બનાવવામાં આવેલ છે. અત્રેની ઝોન કચેરી દ્વારા સદર બાંધકામ વારંવાર બંધ કરાવવા છતં મિલ્કતદારો દ્વારા સદર શેડનું કામ ચાલુ રાખવામાં આવેલ હતું. આજરોજ તા.૨૨/૦૫/૧૪ના દિને સદર ૩૫૦૦ ચો.ફુટ જેટલ માપવિસ્તારનો પતરાનો શેડ અત્રેની કચેરીના ડે.ટાઉન પ્લાનરશ્રી, ટેકનીકલ સ્ટાફ, દબાણ સ્ટાફ અને ખાનગી કોન્ટ્રાકટરના આશરે ૧૦ જેટલા માણસો દ્વારા ડીમોલીશન કરી દુર કરવામાં આવેલ હતું.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી, ડે.ઈજનેરશ્રી તથા કર્મચારીઓ સહિતનાં સ્ટાફ ધ્વારા તેમજ અઠવા પોલીસ સ્ટેશનનાં ઉપલબ્ધ પોલીસ સ્ટાફની મદદથી આજે તા.૨૩/૦૫/૨૦૧૪ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં ચૌટાબજાર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબ બિસ્માર મિલ્કતો ઉતારવાનગી તેમજ જાહેર રસ્તા પરના દબાણ દુર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**બિસ્માર મિલ્કત ઉતારી પાડવા અંગેની વિગત :–**

(૧) વોર્ડ નં.૯, નોંધ નં.૧૫૩૧ થી ૧૫૩૪ વાળી ચૌટાબજાર વિસ્તાર ખાતે આવેલ આશરે ૪૧' × ૧૮' ચો.ફુટ/ચો.મી. વિસ્તાર ધરાવતી ભોંયતળીયા તથા બે માળની લાકડાંના માળખામાં ઈંટોના ચણતર વાળી જુના બાંધકામવાળી મિલ્કત કે જે ઘણી જર્જરીત હાલતમાં તેમજ અમુક ભાગમાં ફલોરીંગ/છત તૂટી ગયેલ હતી તથા દિવાલોમાં મોટી તિરાડો પડી જવાના કારણે બાકીનું ફલોરીંગ બેસી ગયેલ હોવાથી સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા મિલ્કત માલિકો/હિત સંબંધિઓને મકાન પડવા સરખાની નોટીસ તા.૦૪/૦૧/૨૦૦૮ થી બજાવવામાં આવેલ, પંરતુ મિલ્કત માલિકો/હિત સંબંધીઓ ધ્વારા કોઈ પગલાં ભરવામાં આવેલ નહી. આથી તેઓને મિલ્કત ખાલી કરાવી તેનો બિસ્માર ભાગ ઉતારી પાડવા અંગે તા.૨૯/૦૫/૨૦૧૨ થી ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૪ તથા ૩૮૭ હેઠળ નોટીસ બજાવી કાર્યવાહી કરવા જતાં મિલ્કત માલિકો/હિતસંબંધિઓ ધ્વારા ના.કોર્ટમાં રે.દિ.મુ.નં.૭૦ થી ૭૪/૧૨ થયેલ હોય, અત્રેથી કામગીરી કરવા સામે વાંધા–વિરોધ કરવામાં આવેલ. ત્યાર બાદ અત્રેથી સુરત મહાનગરપાલિકા માન્ય સ્ટ્ર.ઈજનેરશ્રીઓ પાસે સદર મિલ્કતની સ્ટેબીલીટી અંગે રીપોર્ટ મેળવતાં તેઓશ્રી ધ્વારા સદર મિલ્કત વસવાટ માટે ભયજનક હોવાનું રીપોર્ટ જણાવતાં તેમજ સદર ઉપસ્થિત કરેલ દાવા પ્રકરણમાં કોઈ મનાઈ હુકમ ફરમાવવામાં આવેલ ન હોય, અત્રેથી તા.૧૪/૦૩/૧૪ થી ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૪ હેઠળ ફેરનોટીસ બજાવી તાકીદ કરવામાં આવેલ, તેમ છતાં કબજેદારશ્રી હરીશચંદ્ર જશવંતરાવ શીંદે ધ્વારા તેઓનો બીજા માળનો કબજો ખાલી કરવામાં આવેલ ન હોવાથી, આજે તા.૨૩/૦૫/૧૪ ના રોજ ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૪ અને ૩૮૭ હેઠળ નોટીસ સ્થળ પર બજાવી કબજેદારશ્રી હરીશચંદ્ર શીંદેને તેઓના માલ–સામાન સહિત સમજાવટથી કબજો ખાલી કરાવવામાં આવેલ છે અને મિલ્કતનો બિસ્માર ભાગ અત્રેથી ઉતારી લેવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૯, નોંધ નં.૧૫૩૫, ૧૫૩૬ વાળી ચૌટા બજાર વિસ્તાર ખાતે આવેલ આશરે ૧૬' × ૩૬' ચો.ફુટ વિસ્તાર ધરાવતી ભોંયતળીયા તથા બે માળની લાકડાંના માળખામાં ઈંટોનાં ચણતરવાળી જુનાં બાંધકામવાળી મિલ્કત બિસ્માર હાલતમાં હોય, તેમજ લાગુ રસ્તા પરની દિવાલમાં તિરાડો પડી ગયેલ હોવાથી, કેટલોક ભાગ છુટો પડી ગયેલ હોવાથી, અત્રેથી ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૪ અને ૪૩૮ હેઠળ તા.૧૩/૦૩/૧૪ના રોજ મકાન પડવા સરખાની નોટીસ બજાવવામાં આવેલ. તેમ છતાં મિલ્કત માલિકો/હિત સંબંધિઓ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં, અત્રેથી તા.૨૩/૦૫/૧૪ના રોજ ધી બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૪ અને ૩૮૭ હેઠળ નોટીસ બજાવી સદર મિલ્કતનો બિસ્માર ભાગ અત્રેથી ઉતારી પાડવામાં આવેલ છે.

**દબાણ દુર કર્યાની વિગત :–**

(૩) આજે તા.૨૩/૦૫/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં ચૌટાબજાર વિસ્તારમાં ધંધાકીય હેતુસર લાગુ રસ્તા તથા ફુટપાથ ઉપર દુકાનોની બહાર પાથરણા પાથરી તેમજ તાડપતરી બાંધી કરવામાં આવેલ દબાણ, આજ રોજ દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા દુર કરવામાં આવેલ છે તથા વાહનોની અવર–જવર માટે રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૩/૦૫/૨૦૧૪ અને તા.૨૪/૦૫/૨૦૧૪ ના રોજ પૂર્વઝોનમાં નાનાવરાછા ચોપાટી થી સરથાણા જકાતનાકા રોડ પર, ઉમીયા સર્કલ થી ભવાની સર્કલ રોડ પર પીણીની સંસ્થાઓ/ લારીઓનું સઘન ચેકીંગ કરી ૧૪૪ સંસ્થાઓ પાસેથી રૂા.૧૩,૨૯૦/– જેટલો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવેલ છે અને ૧૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ તથા ૩૫ કિ.ગ્રામ જેટલા ખુલ્લા ખાદ્યપદાર્થોનો નાશ કરી આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૭(આંજણા) | | |
| ૨ | વિસ્તાર | ભાઠેના | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૧૮૧ (સબ સેન્ટર) | | |
| | સબ પ્લોટ નંબર | – | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | ફા.પ્લોટ નં.૧૮૧ (સબ સેન્ટર) | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | બી.આર.ટી.એસ.રૂટના સર્વિસરોડની અસર હેઠળ આવતા રહેઠાણ / કોમર્શીયલ બાંધકામ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | | ૩૦૦૦ |
| | | પ્રથમમાળ | | |
| | | બીજોમાળ | | |
| | | .ત્રીજોમાળ | | |
| | | ચોથોમાળ | | |
| ૬ | માલિકનું નામ | સુરત મહાનગરપાલિકા | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | હાલમાં કુલ ૩૬૫ ઝુંપડા પૈકી લગભગ ૭૫ ઝુંપડા દુર કરવામાં આવેલ છે.<br>સદર કામગીરી વધુ બે દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | આશરે ૨૦ થી ૩૫ | | |
| | બેલદારની સંખ્યા | લગભગ– ૧૫૦ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | ૬– ટ્રક , ૬–ટ્રેકટર ,૪–જે.સી.બી. | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય માહિતી | – | | |

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૬/૦૫/૨૦૧૪ અને તા.૨૭/૦૫/૨૦૧૪ ના રોજ પૂર્વઝોનમાં ભાગ્યોદય વોર્ડ તેમજ જુની ઝોન ઓફિસ રોડ પર ખાણી પીણીની સંસ્થાઓ/લારીઓ તથા કાર્બાઈડ પાવડરથી કેરી પકવતી સંસ્થાઓનું સઘન ચેકીંગ કરી ૭૫ સંસ્થાઓ પાસેથી રૂા.૧૯,૫૫૦/– જેટલો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવેલ છે અને ૨૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ તથા ૪૦ કિ.ગ્રામ જેટલા ખુલ્લા ખાદ્યપદાર્થોનો નાશ કરી આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૫/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં. ૨૫ (સીંગણપોર), ફા.પ્લોટ નં. ૫૪ માં આવેલ નવનાથ સોસાયટીના સબ પ્લોટ નં. ૨૯ થી ૩૨ માં આવેલ મિલ્કતમાં ગ્રા.ફલોર + ચાર માળની ઉપર પાંચમા માળે આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતર સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. તથા મિલ્કતદાર પાસેથી રૂા.૫૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૬/૦૬/૨૦૧૪ના આયોજન બાબત :–

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૬/૦૬/૨૦૧૪ ને શુક્રવારના રોજ  સવારે ૧૧–૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર / પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૭(આંજણા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">ભાઠેના</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૮૧(સબ સેન્ટર)</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">ફા.પ્લોટ નં.૧૮૧(સબ સેન્ટર)</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">બી.આર.ટી.એસ.રૂટના સર્વિસરોડની અસર હેઠળ આવતા રહેઠાણ / કોમર્શીયલ બાંધકામ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td rowspan="2"></td><td rowspan="2">૮૦૦૦</td></tr>
<tr><td>પ્રથમમાળ</td></tr>
<tr><td>બીજોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>ચોથોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">સુરત મહાનગરપાલિકા</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3"></td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">હાલમાં કુલ ૩૬૫ ઝુંપડા પૈકી તા.૨૭/૦૫/૧૪ ના રોજ ૭૫ ઝુંપડા દુર કરવામાં આવેલ છે. આજરોજ ૮૦ ઝુંપડા દુર કરવામાં આવેલ છે. સદર કામગીરી વધુ બે દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">આશરે ૨૦ થી ૩૫</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">લગભગ– ૧૫૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">૬– ટ્રક , ૬–ટ્રેક્ટર ,૪–જે.સી.બી.</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">–</td></tr>
</table>

TOP

## તા. ૨૮–૫–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૧ |
| ૧ | ડે. ઈજનેર | ૨ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | ૧૫ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૫ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૬ |
| ૫ | ટેકનીકલ આસી. | ૭ |
| ૬ | વાયરમેન | ૧૨ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૯ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૩૧ |
| ૧૦ | કડીયા / મુકાદમ | ૬ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૫૧૯.૨ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૬૧ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૩૮ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૪ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૯૦ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી  ચેક કરેલ સંસ્થા : | ૬૦ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૫૦૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૧૮૦ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૧ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૬ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૪૯ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | ૦ |

| | | |
|---|---|---|
| ૨૦ | કુલ ઘર સર્વે | ૪૦૭૧ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૩૮૧૬ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૧૭ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૧૭ |
| ૨૪ અ | એનો. | ૮ |
| ૨૪ બ | એડીસ | ૮ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૧ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૩૧૪ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૨૧ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૨ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૪૦ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૫૨૧૫૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૭૫ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૧૩.૭૫ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૫૭ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૧ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૧ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

| સફાઈ ઝુંબેશનો વિસ્તાર :– | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | સાગર અને શબનમ હોટલની વચ્ચેનો ડીમોલીશન રોડ, કમાલશા બાવાની દરગાહ થઈ હીજડાવાડ સર્કલ, વાસફોડા પુલ ફીશ માર્કેટથી આરામ હોસ્પીટલ થઈ સલાબતપુરા પોલીસ સ્ટેશન, પીપરડીશેરી,ફાલસાવાડી થી ચામુડા હોટલ સુધી, લાલ દરવાજા સર્કલથી રેશમભવન રોડ, આયુવેદીક કોલેજ, |
| વરાછા ઝોન | : | સ્વામી નારાયણ મંદીરથી પીપીસવાણી સ્કુલ, દીનદયાળ નગર, શ્રેયસ સ્કુલથી તુલસીવાડી, સરસ્વતી સ્કુલથી સુર્યનગર ચાર રસ્તા, લક્ષ્મણનગર ખાડીપુલથી કાપોદા પોલીસ સ્ટેશન, માતૃશકિત રોડ, સુર્યનગરથી શ્રેયસ ચાર રસ્તા |
| રાંદેર ઝોન | : | રામનગર થી રાંદેર બસ સ્ટોપ, બાલાપીર થઈ તાસ્કંદ હોટલ, મોરાભાગળ, પીપરડીવાલાથી અમરીન પાર્ક,સોના હોટલ, અમરીન પાર્ક |
| કતારગામ ઝોન | : | કતારગામ દરવાજાથી પારસ પોલીસ ચોકી થઈ પીપલ્સ ચાર રસ્તા થી અનાથ આશ્રમ સર્કલ થઈ વી.એન.ગોધાણી સ્કુલ સુધી |
| ઉધના ઝોન | : | ન્યુ સીટી ઈન્ડસ્ટ્રી એસ્ટેટ, રોડ નં. ૬, ઉધના |

| | | |
|---|---|---|
| અઠવા<br><br>ઝોન | : | વેસુ હેડ્ગેવર નગર |
| લીંબાયત ઝોન | : | કીન્નરી સીનેમા થી નહેર ચાર રસ્તા, ભાટીયા મોબાઈલ (ડાબી–જમણી બાજુ), નવકેતનપાર્કથી તારા વિધાલય થઈ મારીયા સુધી, ઉધના સંઘ પુલથી ક્ષ્ણિા પાર્ક, જીવનજયોત પુલથી આર્શીવાદ પાર્કથઈ મારીયા સ્કુલ, આપેશ્વર હોટલ થઈ માનવ પરીવાર થઈ જીવનજયોત પુલ, ઉમરવાડા |

TOP

## નોર્થઝોન (કતારગામ) ડીમોલીશનની કામગીરી બાબતઃ–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૫/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૩૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં. ૨૭ ઉત્રાણ કોસાડ પાસે ટી.પી. રસ્તાની અસરમાં આવેલ તળાવ ફળીયુ ઝુંપડપટ્ટી અને રીઝર્વેશનમાં આવતી ધીરૂભાઈની ચાલના ઝુંપડા મળી કુલ ૩૦ ઝુંપડાવાસીઓને વૈકલ્પીક આવાસ આપીને સ્થળાંતરીત કરવામાં આવેલ સદર સ્થળાંતરને કારણે અંદાજે ૪૫૦૦ ચો. ફુટ રસ્તો ખુલ્લો થયેલ છે.

TOP

## વર્કશોપનાં આયોજન બાબત :–

સુરતનાં શહેરીજનોને પાણી, ગટર અને ઘન કચરાનો ઉપાડ વિગેરે જેવી સેવાઓ શ્રેષ્ઠત્તમ રીતે મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. આ તમામ સેવાઓ પુરી પાડવા માટે જુદા જુદા વાહનો અને મશીનરીઓનો સંચાલન કરવામાં આવે છે. જેમાં ડ્રાઈવરો તેમજ ઓપરેટરોની ભુમિકા ખુબ જ મહત્વની અને કરોડરજજુ સમાન હોય છે.

જુદા જુદા વાહનો તેમજ મશીનરીઓનું કાર્યદક્ષતાથી સંચાલન થાય, રોડ સેફટીનાં નિયમોનું પાલન થાય અને યોગ્ય રીતે વાહનો અને મશીનરીઓની નિભાવણી થાય એમાં તમામ ડ્રાઈવરો તેમજ ઓપરેટરોનો સિંહફાળો હોય છે અને એક સારા ડ્રાઈવર તથા ઓપરેટરનાં શું ગુણધર્મ હોય છે જેની સમજ આપવા સુરત મહાનગરપાલિકા દ્વારા વાહનો અને મશીનરીનાં ઓપરેટરો માટે ટ્રેઈનીંગ, જાગૃતિ અને પ્રોત્સાહનવર્ધક વર્કશોપનું આયોજન ત.૨૭ મી મે થી ૩૧ મી મે સુધી દરરોજ સાંજે ૪ઃ૦૦ કલાકથી ૭ઃ૦૦ કલાક સુધી સાયન્સ સેન્ટર ઓડિટોરીયમ, સીટી લાઈટ ખાતે કરવામાં આવેલ છે. જેમાં જે તે ક્ષેત્રનાં તજજ્ઞોને બોલાવવામાં આવેલ છે.

ઉપરોકત આયોજન તમામ શહેરીજનોને ઉત્તમ સેવાઓ પુરી પાડવા માટેની સુરત મહાનગરપાલિકાની કટિબધ્ધતાનો સૂચક બની રહેશે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) મીટીંગ બાબત :–

' ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન ' અન્વયે રેલ જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, પુનઃવસન ની કામગરી તથા સાફસફાઈની કામગીરી સુવ્યવસ્થિત રીતે અને સમયસર કરી શકાય તે હેતુસર સ્વૈચ્છિક સેવાભાવિ સંસ્થાઓ તથા નગર સેવકો સાથે સંકલન કરી ઉધનાઝોન વિસ્તારમાં સદર સંસ્થાઓ કેવી સેવાઓ આપવા તત્પર છે. તે બાબત સુનિશિચત કરવા તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા ' આપત્તિ વ્યવસ્થાપન આયોજન ' અન્વયે કરેલ વિવિધ તૈયારીઓ અંગે ચર્ચા કરી તે અંગે સમજ આપી સદર આયોજન વધુ સારી રીતે કરી શકાય તેમાં સદર સંસ્થાઓનાં સૂચનો વિગેરે માટેની એક મીટીંગ તા.૨૮/૦૫/૧૪ ના રોજ ૧૧:૦૦ કલાકે ઉધના ઝોનનાં કોમનહોલ ખાતે રાખવામાં આવેલ જેમાં વિવિધ સ્વૈચ્છિીક સંસ્થાઓનાં પ્રમુખશ્રી/ પ્રતિનિધિઓ તથા ઝોન વિસ્તારના મ્યુ. સદસ્યશ્રીઓ હાજર રહેલા તેમજ ઉધનાઝોનનાં ઝોનલ ચીફ , કાર્યપાલક ઈજનેર,આસી. કમિશ્નર,નાયબ આરોગ્ય અધિકારી, પર્સોનલ ઓફીસર, નાયબ ઈજનેરશ્રી વિગેરે પણ હાજર રહેલા. આ મીટીંગમાં મીટીંગનો ઉદ્દેશ સમજાવી ભૂતકાળના અનુભવો ને ધ્યાને લઈ કરવામાં આવેલ આયોજનનો વિગતવારનો ચિતાર રજુ કરતું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. વિશેષમાં કુદરતી આફત પહેલા કરવા જોગ આગોતરા આયોજનની માહિતી આપવામાં આવી. જે અન્વયે સ્થળાંતર સમયે રીલીફ સેન્ટરો અને તેનાં જવાબદાર અધિકારીની માહિતી આપવામાં આવેલ અને સાથે સાથે ઉધનાઝોનનાં સંકળાયેલ કર્મચારીઓનાં સંપર્ક નંબરો તથા સોપેલ કામગીરી,રીલીફ સેન્ટરો દર્શાવતી પુસ્તિકા પણ આપવામાં આવી. જેથી પ્રજાજનો આપતિનાં સમયે તાકીદે સંપર્ક કરી શકે તથા ઝડપથી સેવા અસરગ્રસ્તોને પહોચાડી શકાય. આરોગ્ય ખાતા ધ્વારા કરવામાં આવતી સાફ સફાઈ તથા ફુડપેકેટ વહેચવાની વ્યવસ્થાની વિગતો પણ આપવામાં આવી.

હાજર રહેલા તમામ સ્વૈચ્છિક સેવાભાવિ સંસ્થાઓ તથા નગર સેવકો એ બનતી તમામ રીતે મદદરૂપ થશે તથા કયા પ્રકારની અને કેટલા જથ્થામાં મદદકરવા તૈયાર છે તેની સંમતિ આપેલ અને સારો પ્રતિસાદ આપેલ.

અંતમાં પર્સોનલ ઓફિસરે આવેલ સ્વૈચ્છિક સેવાભાવિ સંસ્થાઓ તથા નગર સેવકો તમામ ની આભાર વિધિ કર્યા બાદ મીટીંગનું સમાપન કરવામાં આવેલ.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૭(આંજણા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">ભાઠેના</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૮૧(સબ સેન્ટર)</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">સબ સેન્ટર નાં હેતુ માટે અનામત</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">ફા.પ્લોટ નં.૧૮૧(સબ સેન્ટર)</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">રહેણાંક, ઝુંપડા તથા કોમર્શીયલ બાંધકામ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td rowspan="2"></td><td rowspan="2">૩૦૦૦</td></tr>
<tr><td>પ્રથમમાળ</td></tr>
<tr><td>બીજોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>ચોથોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">સુરત મહાનગરપાલિકા</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3"></td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">આજરોજ ૩૦ ઝુંપડા દુર કરવામાં આવેલ છે. સદર કામગીરી વધુ એક દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">આશરે ૩૦ થી ૩૫</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">લગભગ– ૧૦૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">૬– ટ્રક , ૬–ટ્રેકટર ,૨–જે.સી.બી., ૪ બ્રેકર મશીન</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">બી.આર.ટી.એસ. રૂટમાં રોડની અસર હેઠળ આવતા નડતરરૂપ ઝુંપડાઓનું સ્થળાતંર કરવાની કામગીરી ચાલુ છે.</td></tr>
</table>

TOP